**<u>રેગ્યુલર દિવાની મુકદમા નં.૪૬/૨૦૨૩ ના કામે આંક–૫ ની વચગાળાની મનાઇ હુકમની અરજી લગત હુકમ</u>**

(૧) વાદી દ્વારા હાલનો આ દાવો ડેકલેરેશન તથા કાયમી મનાઇ હુકમ મેળવવા માટે લાવવામાં આવેલ છે. વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી જેતપુર તાલુકાના હરીપર ગામે રહે છે અને ખેતીકામ કરે છે અને પ્રતિવાદીઓ તેમના કુટુંબીઓ તેમના સગાભાઇના દિકરાઓ થાય છે. રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકાના હરીપરમાં વાદીના જુના ગામતળમાં ચો.મી.૧૪૨–૮૧ વાળો પ્લોટ આવેલ છે જે વાદી અને તેના ભાઇ પ્રતિવાદીઓના પિતા ભનુભાઇ મેઘજીભાઇ તથા પોપટ મેઘજીનો ગામતળનો પ્લોટ ચો.મી.૪૧૭–૭–૦૦ આવેલ છે જેમાં ભાઇઓ ભાગની વહેંચણી થતા વહેંચણી મુજબ વાદીએ ઉતર તરફ હિસ્સો સંભાળેલ છે જેની ચતુર દિશા દાવાઅરજીમાં જણાવ્યા મુજબની છે. જે ચતુરદિશાવાળી મિલકતમાં તેઓ રહેણાંક તરીકે ઉપયોગ કરે છે અને સદરહું મકાનમાં એક રૂમમાં ડાળમાં દાદાનો મઢ છે જેથી ત્યાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા જતા રહે છે. સદરહું મકાનનો મુખ્ય દરવાજો દક્ષિણ તરફ આવેલ છે. જે ૩૦ ફુટ લંબાઇનો છે અને ૧૦ ફુટ પહોળાઇનો રસ્તો વર્ષોથી રાજાશાહીના વખતથી આવેલ છે જે રસ્તા ઉપરથી મેઇન રોડ ઉપર જવાય છે જેની ચતુરદિશા દાવાઅરજી મુજબ છે. સદરહું મિલકતમાં જવા આવવા તેમજ ખેતીના સાધનો, ટ્રેકટર વાહનો લાવે છે અને લઇ જાય છે અને તેમની માલિકીના ફળીમાં રાખે છે આમ સદરહું રસ્તો જે વખતે ભાઇઓભાગ થયેલ ત્યારે સમજુતી થયેલ કે સદરહું રસ્તો ખુલ્લો રાખવો જેથી તેઓ કયારેય તેમના વાહનો પાર્ક કરતા નથી. હાલ પ્રતિવાદીઓ સદરહું તેમના હાલચાલના એકમાત્ર રસ્તામાં ટ્રેકટર વાહનો રાખી રસ્તો બંધ કરી દે છે. પ્રતિવાદીઓની મિલકતનો મુખ્ય દરવાજો મેઇન રોડ ઉપર દક્ષિણ તરફ પડે છે છતાં તેઓ માત્ર વાદીને હેરાન કરવાના બદ ઇરાદે તેમના હાલચાલના રસ્તામાં ટ્રેકટર તેમજ વાહનો રાખી દે છે જેથી તેઓને તેમના રહેણાંકના મકાન સુધી પહોંચી શકાતુ નથી અને

પ્રતિવાદીઓએ રસ્તો બિલકુલ બંધ કરી દીધેલ છે જેના કારણે વાદીને તેમના ખેતીના ઓજોરો જમીન ઉપર લઇ જઇ શકાતા નથી. આમ પ્રતિવાદીઓએ તેમના હાલવા ચાલવાનો રસ્તો બંધ કરી દીધેલ હોય જેથી તેઓએ પ્રતિવાદી નં.૨,૩ ને રૂબરૂ મળી વહનો હટાવી લઇ રસ્તો ખુલ્લો કરવા જણાવતા પ્રતિવાદી નં.૨નાઓએ જાનથી મારી નાંખવા ધમકી આપેલ હોય અને પ્રતિવાદી નં.૩ નાએ જણાવેલ કે આ રસ્તો મારા બા ની માલિકીનો છે હું અહી ગમે તે કરૂ તમારૂ અહીં કાંઇ નથી અને હવે અંહીથી નીકળશો તો રેશનકાર્ડમાંથી નામ નીકળી જશે તેવી ખુલ્લેઆમ ધમકી આપેલ હોય સબબ દાવો લાવી દાદ માંગેલ છે કે,...

મનાઇ હુકમ મળવાની અરજી પેરા–૨ માં જણાવેલ વિગતવર્ણન અને ચતુરસીમા વાળી અમો વાદીની જેતપુર તાલુકાના ગામ હરીપરની રેહણાંક મિલકતમાં જવા આવવા માટે દરમિયાન મનાઇ હુકમ મળવાની અરજી પેરા–૩ માં જણાવેલ ચતુરદિશાવાળો એક માત્ર રસ્તો આવેલ હોય જે રસ્તો રાજાશાહી વખતનો આવેલ હોય જે રસ્તા વાટે થઇ હાલવા ચાલવાનો તથા અમારા ખેતીના સાધનો, ટ્રેકટર વાહનો લાવવા લઇ જવાનો અમો વાદીનો કાયદેસરનો હકક, સત્તા અને અધિકાર આવેલ હોય સદરહું રસ્તામાં ટ્રેકટર વાહનો કે ખેતીના સાધનો રાખે રખાવે નહી અને હાલ જે ટ્રેકટર તથા ખેતીના સાધનો રાખેલ તેમજ બેલા પથ્થરો રાખેલ છે તે તાત્કાલીક હટાવી લે અને રસ્તો બિલકુલ ખુલ્લો કરી આપે તેવો વચગાળાનો આદેશાત્મક હુકમ પ્રતિવાદીઓ સામે ફરમાવવા તેમજ,

આ કામના પ્રતિવાદીઓ કે પ્રતિવાદીઓના વંશ, વાલી, વારસો, મુખત્યારો, કુટુંબીઓ, ટ્રાન્સફરીઓ, એસાઇનીઓ, કોન્ટ્રાકટર, મજુરો કે પ્રતિવાદીઓ થકી અન્ય કોઇ અમારી ઉપર દરમિયાન મનાઇ હુકમ મળવાની અરજી પેરા–૨ માં જણાવેલ વિગતવર્ણન અને ચતુરસીમા વાળી જેતપુર તાલુકાના ગામ હરીપરની રહેણાંક મિલકતમાં જવા આવવાના એકમાત્ર રસ્તામાં કોઇ અટાકાય, રૂકાવટ, અવરોધ થાય તેવુ કોઇ કૃત્ય કરે કરાવે નહી કે દરમિયાન મનાઇ હુકમ મળવાની અરજી પેરા–૩ માં જણાવેલ ચતુરદિશાવાળા રસ્તામાં કોઇ વાહનો, ટ્રેકટર રાખે રખાવે નહી કે બેલા પથ્થરો કે કોઇ વસ્તુઓ રાખી અમારા રસ્તામાં અટકાયતરૂપ કૃત્ય કરે કરાવે નહી તેવો દાવો ચાલતા સુધીનો વચગાળાનો દરમિયાન મનાઇ

હુકમ આ કામના પ્રતિવાદીઓ વિરુદ્ધ અને અમો વાદીના લાભમાં ફરમાવવા અરજ કરેલ છે.

(૨) સંબધિત કામે પ્રતિવાદીઓને દાવો રજીસ્ટર કરી નોટીસ કરતા પ્રતિવાદીઓ તરફે આંક–૧૧ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે અને વાદીની મનાઈ અરજીની તમામ હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરી નકારાત્મક જવાબ આપી વધુમાં જણાવેલ છે કે, ચતુરદિશા પેરા–૨ માં ઉતર બાજુએ મુખ્ય બજારવાળો જાહેર મોટો રોડ છે તથા વાદીની મિલકતમાં આવવા જવા વાહન લઈ જવા માટેની કાયમી સ્વતંત્ર રસ્તો છે પછી વોકળો આવેલ છે તથા વાદીને દક્ષિણ બાજુ રસ્તો કે હલાણ નથી વાદીની મિલકતમાં કે મઢવાળી મિલકતમાં આવવા જવાનો રસ્તો આ દિશામાં નથી. આ મિલકત બાબત ચો.મી.૧૧૫–૮૮, ચો.વાર ૧૩૯ વાળી જગ્યા ૧૧,૮૫ તથા ૩,૧૫ ની ઉતર દક્ષિણની મિલકત પ્રતિવાદીઓની છે તેમાં પુર્વ દિશામાં ભાણા મેઘજીવાળી મિલકત બતાવેલ છે તથા રાઠોડ પરિવારનો મઢ લાગુ પ્લોટ બતાવેલ છે તે મઢવાળી જગ્યા પણ વાદીના હકક–અધિકાર કે માલિકીની નથી તે સ્થિતિની કાયદેસરની માપણી કરાવેલ છે જે રજુ રાખેલ છે. તેમાં ૩–૭૦ પશ્ચિમ બાજુ વાદીઓએ બળજબરીથી તેની મિલકતમાં ડેલો મુકી દીધેલ છે તે ૩–૭૦ થી ૩–૧૫ પશ્ચિમ બાજુ હલાણનો નવો હકક ઉભો કરવા આ કેસ કરેલ છે. વાદીઓના હલાણનો હકક તેમના પ્લોટમાંથી કહેવતા મઢની પશ્ચિમ બાજુથી છે જે વાદીએ ઉતર બાજુ કહેલ છે તે બજારવાળો મુખ્ય રોડ છે તે બતાવતા ફોટા રજુ કરેલ છે. તેઓએ રજુ કરેલ માપણીનો પુરાવો જોતા કહેવાતા મઢ પછી દક્ષિણ બાજુ કોઈ હલાણ નથી. વાદીઓએ તેની મિલકતમાં કહેવાતો ડેલો તથા દરવાજો ઈરાદાપુર્વક બળજબરીથી મુકી દીધેલ છે પછી તેઓએ તેમની માલિકીની મિલકતમાં દાવા પેરા–૩ માં જણાવેલ જગ્યાએ પાકી દિવાલ કરી લીધેલ છે આથી સદર રસ્તેથી માણસો કે વાહન પ્રવેશ કરી શકે નહી. વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવામાં તા.૨૩.૧.૬૭ નો હુકમ રજુ કરેલ છે તેની સાથે નકશો આપવામાં આવેલ હોય છે તેમાં રસ્તો પુર્વ બાજુ બજારવાળો મુખ્ય રોડ છે જે હકીકત વાદીએ છુપાવેલ છે. વાદીના દસ્તાવેજ ફોટા નં.૪ માં બ્લુ ટ્રેકટરની પાછળ ટ્રેકટર વાળી જગ્યા પ્રતિવાદીની પોતાની માલિકી કબજા ભોગવટાની છે તે બંને વાદીની મિલકતને જોડી દઈને

દિવાલ પાકી રીતે ચણેલ છે, આ દિવાલ હટાવવાની કોઇ માંગણી નથી કરી આ સિવાયની તમામ હકીકતોનો ઇન્કાર વાદીની મનાઇ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામમાં વાદી તરફે પોતાનો પ્રથમદર્શીનીય કેસ સાબિત કરવા માટે માર્ક ૩/૧ થી માર્ક ૩/૫ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલા છે જે વંચાણે લેવામાં આવેલ છે.

(૪)આ કામમાં પ્રતિવાદી તરફે પોતાનો પ્રથમદર્શનીય કેસ સાબિત કરવા માટે માર્ક ૧૨/૧ થી ૧૨/૪ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવે છે.

(૫) કોર્ટ કમિશ્નર તરફે માર્ક ૧૪/૧ અને ૧૪/૨ થી દસ્તાવેજ રજુ રાખવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

(૫) વાદીની મૌખિક દલીલો ધ્યાને લેવામાં આવેલ છે તેમજ આ કામે પ્રતિવાદી તરફે આંક-૧૭ થી લેખિત દલીલ તથા ઓથોરીટી રજુ રાખવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે જેનું પુનરાવર્તન ટાળવા તેની ચર્ચા કારણો સાથે કરવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકતે અરજીનો નિર્ણય કરવા અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે

મુદ્દા નં.૧ શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે?

મુદ્દા નં.૨ શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે?

મુદ્દા નં.૩ શું વાદીને ઇર-રીપેરેબલ લોસ જાય છે?

મુદ્દા નં.૪ શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ હકારમાં.

મુદ્દા નં.૨ હકારમાં.

મુદ્દા નં.૩ હકારમાં.

મુદ્દા નં.૪ આખરી હુકમ મુજબ.

## //કા ર ણો//

**મુદ્દા નં.૧ થી ૩ ::–**

(૮) દિવાની કાર્યરીતીમાં સર્વ સામાન્ય સિદ્ધાંત છે કે કામચલાઉ મનાઇ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યક્તિએ કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવવુ જોઇએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનું રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાથી વાદી આપોઆપ કામચલાઉ મનાઇ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે, સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઇ હુકમ આપવામાં ન આવે તો સામા પક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુકશાન જાય તેમ છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તુણુંક તથા ડીલે અને લેચીસની હકીકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં કોર્ટ કામચલાઉ મનાઇ હુકમની અરજી નકકી કરતી વખતે એ હકીકત પણ ધ્યાને લેવાની રહે છે કે કામ ચલાઉ મનાઇ હુકમની દાદનો મુખ્ય ઉદ્દેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષયવસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે, એટલે કામચલાઉ મનાઇ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાના આખરી સ્વરૂપની ન હોવી જોઇએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય, જયારે પક્ષકારો પોતપોતાના અંગત હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપિત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઇ જતો હોય, તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઇ હુકમની અરજી નકકી કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે, પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબ જ ગંભીર બાબત છે અને

મનાઈ હુકમનો નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુકશાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે.

ઉપરોકત સર્વ સામાન્ય દિવાની કાર્યરીતીના સિદ્ધાંતોને ધ્યાને લઈ ઉપરોકત ઘડવામાં આવેલા કારણો નં.૧ થી ૩ અન્વયે પુનરાવર્તન ટાળવા સારૂ ત્રણેય મુદ્દાની ચર્ચા નીચે મુજબ એકીસાથે ચર્ચા કરવામાં આવેલ છે.

સદર કામનું રેકર્ડ તથા રહેલ હકીકત જોતા તે હકીકત સ્પષ્ટ છે કે વાદી અને પ્રતિવાદીઓ એકબીજા કુટુંબીજનો રહેલ છે .તેમજ નિ.૩/૨ ધ્યાને લેતા રહેલ સયુંકત માલીકીની મિલ્કતના ભાગ પડેલ હોવાનું ફલીત થાય છે. તેમજ, વાદવાળો રસ્તો પણ રહેલ હોવાનું ફલીત થાય છે. પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી દવારા લેખીત દલીલ રજુ રાખી વાદીને મોટી બજારવાળા રસ્તેથી ઉતર તરફ હાલવા ચાલવા તથા વાહનો લઈ જવા બીજો રસ્તો રહેલ હોય અને તે પંચ રોજકામમાં પણ આવેલ હોય અને તે આધારીત જયારે વાદીને એક રસ્તો રહેલ હોય ત્યારે સુખાધિકાર ના કાયદા મુજબ બીજો રસ્તો મળી શકે નહી અને આ દલીલ અનુસંધાને રમેશચંદ્ર ભિખાભાઈ પટેલ વિ.શકરીબેન માણેકલાલ પટેલવિ.ના ચુકાદા પર આધાર રાખી સદર અરજી નામંજુર કરવા અરજ કરાયેલ છે. નામ. વડિ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો અન્વયે બે મત હોઈ શકે નહી.

હાલના કામે કોર્ટ કમિશ્નર દવારા નિ.૧૪/૧ ધ્યાને લેતા પક્ષકારો અને પંચોની હાજરીમાં કરાયેલ હોય જેમાં વાદવાળી જગ્યાએ ઉતર તરફથી જતા દક્ષીણ બાજુ એક ડેલો આવેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે જે હાલ બંધ રહેલ હોવાનું પણ રોજકામ કરાયેલ છે. ત્યારે તે હકીકત વાદીના દાવાની હકીકતને સમર્થન આપે છે કે દક્ષીણ તરફ રહેલ ડેલા મારફત વાદીને હાલવા ચાલવાનો હકક રહેલ છે. તેમજ, વાદીના વિ.વ.શ્રી દવારા કરાયેલ દલીલ મુજબ ઉતર તરફ જે હલાણ રહેલ છે તે તેમના બીજા ભાઈ નું મકાન રહેલ હોય તેઓ ત્યાંથી ચાલે છે જો તેઓ પણ તેમને ચાલવા માટે ના પાડે તો શુ વાદીને તેમની મિલ્કતમાં આવવા કે બહાર નિકળવા માટે કોઈ રસ્તો જ રહે નહી જેથી વાદીને દક્ષીણ બાજુએથી ચાલતા

હોવાનો હકક રહેલ હોવાનું પ્રતિવાદીને રોડ બાજુનો પ્લોટ મળતા જે તે સમયે જ વહેચણી થયેલ ત્યારે નકકી થયેલ હોવા છતા પ્રતિવાદી ઓ રહેલ રસ્તામાં વાહનો રાખી દઈ અડચણ અવરોધ કરી રહેલ હોય અને તે અનુસંધાને રજુ કરાયેલ નિ.૩/૩ થી નિ.૩/૪ થી રજુ કરાયેલ ફોટોગ્રાફસ આ તબકકે જોતા કોર્ટ કમિશ્નરશ્રી દવારા કરાયેલ પંચરોજકામથી વાદીની દલીલોને સમર્થન પ્રાપ્ત થાય છે. તેમજ વાદગ્રસ્ત રસ્તામાં પહેલા ડેલો રહેલ હોવાનું પ્રતિવાદી પણ સ્વિકારે છે અને કોર્ટ કમિશ્નર દવારા કરાયેલ રોજકામમાં પણ સદર હકીકતને સમર્થન મળે છે. અલબત પ્રતિવાદી દવારા તેમની દલીલમાં વાદી દવારા બળજબરીથી મુકી દીધેલ હોવાનું જણાવી રહેલ છે. પરંતુ કોર્ટ સમક્ષ રહેલ રેકર્ડ તથા પંચ રોજકામ તથા રજુ ફોટોગ્રાફસ ધ્યાને લેતા હલન ચલન માટે રસ્તો હાલ બળજબરી પુર્વક બંધ કરાયેલ હોવાનું પ્રથમ દર્શનીય જણાઈ આવતુ હોય ત્યારે વાદીને ઈઝમેન્ટરી રાઈટસ મળવા પાત્ર છે કે નહી તે પુરાવો લીધા બાદ જ નકકી થઈ શકે પરંતુ વાદવાળી જગ્યાએ ડેલો રહેલ છે તે વાદીનો રહેલ હોય અને તે પ્રતિવાદી દવારા પણ સ્વિકારાયેલ હોય ત્યારે આ તબકકે પ્રતિવાદી તરફથી વાદીને બીજો રસ્તો રહેલ હોય જેથી સદર અરજી નામંજરુ કરવાની દલીલ ગ્રાહય રહી શકે નહી. તેમજ, પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી દવારા રજુ કરાયેલ નામ.વડિ અદાલતનો ઉપરોકત વર્ણાવેલ ચુકાદામાં રહેલ હકીકતો અને હાલના કેસની હકીકતો સાથે સુસંગત રહેલ ન હોય પ્રતિવાદીની રહેલ દલીલ સાથે ગ્રાહય રાખી શકાય તેમ ન હોવાનું નમ્રતાપુર્વક માનું છું.ત્યારે આ તબકકે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદી વાદવાળી જગ્યાએથી હાલતા ચાલતા હોય અને સતત અને અવિરત રીતે વાદગ્રસ્ત રસ્તાનો ઉપયોગ ઉપભોગ કરી રહેલ હોય ત્યારે વાદીને ત્યાંથી હાલતા ચાલતા કે વાહનો લઈ જવા કે મુકતા સમગ્ર દાવાનો ન્યાયીક આખરી નિકાલ ન આવે ત્યાં સુધી અટકાવી શકાય નહી તેવું મારુ નમ્રતાપુર્વક માનવું છે. જેથી ઉપરોકત તમામ હકીકતો નજર સમક્ષ રાખી વાદીનો પ્રથમ દર્શનીય કેસ રહેલ હોવાનું માની મુદદા નં.૧ નો જવાબ હકારમાં આપું છું. તેમજ, વાદવાળા રસ્તામાંથી હાલતા ચાલતા કે વાહનો લઈ જવા અટકાવવા થી સગવડતા સમતુલાની ધરી પણ વાદી ની તરફેણ કરતી હોવાનું માનું છું. જેથી મુદદા નં.ર નો જવાબ પણ હકારમાં આપું છું. મુદદા નં.૧ અને ર નો જવાબ હકારમાં આપેલ હોય ત્યારે જો વાદગ્રસ્ત રસ્તા આડે અડચણ અને અવરોધ સતત

ચાલુ રહે અને તેને અટકાયતી હુકમ ન કરવમાં આવે તો વાદીનો જો સદર રસ્તા પર ચાલવાનો અધિકાર રહેલ હોવાનું પુરવાર થાય તો વાદીને પસાર થનાર સમય સુધી ભોગવવી પડતી હાલાકીનું વળતર નાણામાં ચુકવી શકાય નહી ઉલટ હાલ આ દાવાના આખરી નિકાલ સુધી પ્રતિવાદીને વાદી જે તેમનો ડેલો રહેલ છે ત્યાંથી ચાલે કે ત્યાંથી તેમના ખેત ઉપયોગી સાધનોનો લઈ જવા મુકવા ઉપયોગ કરવા માત્રથી પ્રતિવાદીને કોઈ નુકશાન થતુ હોય કે અગવડતા કે અવરોધ થતાો હોય તેવું જણાઈ આવતું નથી જેથી ઉપરોકત તમામ હકીકતે મુદદા નં.૩ નો જવાબ પણ હકારમાં આપી મુદદા નં.૪ અન્વયે નિચ્ચે મુજબ હુકમ કરુ છું.

## –: હુ ક મ :–

- આ કામે વાદીની હાલની આ અરજી મંજુર કરવામાં આવે છે. અને સદર અરજીના પેરા–૨ માં જણાવેલ વિગતવાળી વાદીના મકાનની દક્ષીણ તરફ આવેલ છે જે રસ્તામાં વાદીને હાલતા કે ખેતીના સાધનો ટ્રેકટરો કે વાહનો લાવવા લઈ જવા કે પ્રતિવાદીએ સદર રસ્તામાં તેમના ટ્રેકટર વાહનો કે ખેતીના સાધનો રાખી વાદીને કોઈ અડચણ કે અવરોધ કરવો નહી તેવો સદર દાવાના આખરી નિકાલ સુધી વાદીની તરફેણમાં અને પ્રતિવાદી વિરુધ્ધ વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.5 મી માહે–જાન્યુઆરી સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જેતપુર.
તા.05/01/2024

**અલીઅસગર હસનઅલી હીરાની**
**એડીશ્નલ સીની.સીવીલ જજ**
**જેતપુર.**
**કોડ નં. જીજે–૦૧૧૮૪.**